# છત્તિસગઢમાં ભીષણ નક્સલવાદી હુમલો

## ટોચના કોંગ્રેસી નેતા મહેન્દ્ર કર્માનુ મોત , દેશભરમાં ભારે ખળભળાટ

રાયપુર,તા. ૨૬

છત્તિસગઢમાં બસ્તર ખાતે કોંગ્રેસ પાર્ટીના કાફલા પર હથિયારો સાથે સજ્જ નક્સલવાદીઓ દ્વારા કરવામાં આવેલા તાજેતરના સમયના સૌથી મોટા હુમલામાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા મહેન્દ્ર કર્મા સહિત ઓછામાં ઓછા ૨૯ લોકોના મોત બાદ દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. આ હુમલામાં કોંગ્રેસના અનેક ટોચના નેતાઓના મોત થયા છે. અને અનેક ઘાયલ થયા છે. આ હુમલો દરબા ખીણ ખાતે કરવામાં આવ્યો હતો. હુમલો કરવામાં આવ્યા બાદ રાજ્ય કોંગ્રેસના પ્રમુખ નંદ કુમારનો મૃતદેહ મળી આવ્યો હતો. માઓવાદીઓ આ હુમલો કરી રાજ્ય અને સાથે સાથે કેન્દ્ર સરકારને પણ મોટો પડકાર ફેંક્યો છે. હવે તેમની પ્રવૃતિઓ પણ અંકુશ મુકવા માટે કઠોર પગલા લેવામાં આવે તેવી ગણતરી છે. કેન્દ્ર સરકારે વિચારણા શરૂ કરી દીધી છે. જુદા જુદા વિકલ્પ પર વિચારણા ગઇકાલથી શરૂ થઇ છે. ગઇકાલે કરાયેલા હુમલામાં પૂર્વ કેન્દ્રિય પ્રધાન વિદ્યાચરણ શુક્લ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ હુમલાના કારણે દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. શુકલને ત્રણથી વધારે



ગોળી લાગી હતી. પોલીસે હુમલો કર્યા બાદ પ્રદેશ વિગત આપતા કહ્યું છે કે માઓવાદીઓએ દરબા ખીણમાં કોંગ્રેસના કાફલા પર કોંગ્રેસના અધ્યક્ષ નંદ કુમાર પટેલ અને તેમના પુત્ર દિનેશનુ અપહરણ કરી લીધુ હતુ અને ત્યારબાદ આજે વહેલી સવારે તેમના નંદકુમાર પટેલ અને પુત્ર દિનેશના મૃતદેહ મળી આવ્યા હતા. રાજનાંદગાવના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. નક્સલવાદીઓએ સાંજે હુમલો કર્યો હતો. સલવા જુડુમની કલ્પનામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરનાર છત્તિસગઢના પૂર્વ ગૃહ પ્રધાન પર હુમલો કરવામાં આવ્યા બાદ ભારે સનસનાટી મચી ગઇ હતી. તેમને આશરે ૧૦૦થી ૧૫૦ માઓવાદીની ટોળકીએ ઘેરી લીધા હતા. અને તેમના પર અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો.પોલીસે કહ્યું છે કે માઓવાદીઓ રસ્તામાં વૃક્ષ મુકી દઇને પહેલા રસ્તો રોકી દીધો હતો. ત્યારબાદ સુરંગ બ્લાસ્ટ કર્યો હતો. ત્યારબાદ અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. હુમલાને અંજામ આપવામાં આવ્યા બાદ આસપાસના વૃક્ષોને આગ ચાપી દેવામાં આવી હતી.આ હુમલો રાષ્ટ્રીય રાજમાર્ગ નંબર ૨૦૨ નજીક થયો હતો. આ રાજમાર્ગ છત્તિસગઢને પડોશી રાજ્ય આંધ્રપ્રદેશ સાથે જોડે છે.

### છત્તીસગઢ : તાકીદે વધુ ૬૦૦ જવાનો મોકલાયા

નવી દિલ્હી,તા. ૨૬

છત્તિસગઢમાં નક્સલવાદી હુમલો થયો બાદ કેન્દ્ર સરકારે તરત જ માઓવાદી હિંસાને રોકવા માટે માટે ૬૦૦ જવાનો રવાના કરવાનો નિર્ણય કર્યો હતો. વડાપ્રધાન મનમોહનસિંહ પણ આ બનાવથી હચમચી ઉઠ્યા હતા. તેમણે તરત ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.આ બેઠકમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને અન્ય ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. વડાપ્રધાને છત્તિસગઢના મુખ્ય પ્રધાન રમણસિંહ સાથે પણ ફોન પર વાતચીત કરી હતી. સાથે સાથે વધારાના અર્ધલશ્કરી દળ આપવાની ઓફર કરી હતી. મુખ્ય પ્રદાને પણ તેમની વિકાસ યાત્રાને રોકી દીધી હતી અને રાજ્ય કેનિબેનટની ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. નક્સલવાદીઓની

## ભારત નક્સલવાદીઓ સામે ઝુકશે નહીં : મનમોહનસિંહ

રાયપુર,તા. ૨૬

વડાપ્રધાન મનમોહનસિંહે છત્તીસગઢમાં કોંગ્રેસના નેતાઓ પર થયેલા હુમલાને વખોડી કાઢતા જણાવ્યું હતુ કે ભારત ક્યારેય નક્સલવાદીઓ સામે ઝુકશે નહીં. વડાપ્રધાન અને કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ હુમલામાં મોતને ભેટેલા નેતાઓ, કાર્યકર્તાઓ અને સુરક્ષા કર્મીઓને આજે શ્રદ્ધાંજલી આપી હતી. વડાપ્રધાને જણાવ્યું હતુ કે આ એક દુઃખદ ઘટના છે જેમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નંદકુમાર પટેલ અને પાર્ટીના વરિષ્ઠ નેતા મહેન્દ્ર કર્મા સહિત અનેક નેતાઓ શહિદ થયા છે. ભારત કદી પણ નક્સલી તાકાતો સામે ઝુકશે નહીં.



કોંગ્રેસનો ઈતિહાસ કુર્બાનીનો ઈતિહાસ રહ્યો છે અને તેણે હંમેશા પડકારોનો સામનો કર્યો છે. ઘણા પડકારો આવતા રહેશે પરંતુ અમે હિંમત હારીશું નહીં. મનમોહનસિંહે જણાવ્યું હતુ કે આ ઘટના અલગાવવાદી તાકાતો વિરુદ્ધ સંઘર્ષ માટે આપણને પ્રેરિત કરશે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ જણાવ્યું હતુ કે હું દુઃખની ઘડીમાં અહીં આવી છું. અને આ ઘટના માનવતા અને માણસાઈની વિરુદ્ધ છે. અમારા માટે નુકસાનદાયક અને પડકારજનક પણ છે. અમારા નેતાઓ અને કાર્યકરોએ બહાદુરીપૂર્વક પડકારોનો સામનો કર્યો છે. વડાપ્રધાને જણાવ્યં હતુ કે આ અમારા પર હુમલો નથી પરંતુ લોકતાંત્રિક મુલ્યો પર હુમલો છે. ઈતિહાસ સાક્ષી છે કે અમે પડકારોનો સામનો કર્યો છે. આ કુર્બાની બેકાર નહીં જાય. નક્સલવાદી સમસ્યા સામે હવે સખતાઈપૂર્વક સામનો કરવાનો સમય આવી ગયો છે. ભારત નક્સલવાદીઓ સામે ઝૂકશે નહીં. સોનિયા ગાંધીએ નક્સલવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

## આજથી ભાજપનું જેલ ભરો આંદોલન

નવી દિલ્હી,તા. ૨૬

આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વને શાનદાર જીત મેળવી સત્તા પરથી દુર કરવા માટે ભાજપે આક્રમક નીતી તૈયાર કરી લીધી છે. આ નિતીના ભાગરૂપે ભાજપના આવતીકાલથી જેલ ભરો આંદોલનની શરૂઆત થવા જઇ રહી છે. દેશભરમાં આ આંદોલન ભાજપના નેતાઓ જોરદાર રીતે આગળ વધારવા કમર કસી ચુક્યા છે. યુપીએ સરકારની નિતીનો આ ગાળા દરમિયાન પર્દાફાશ કરવામાં આવશે. ભાજપની આક્રમક નિતી તૈયાર કરવામાં પક્ષ પ્રમુખ રાજનાથસિંહની મુખ્ય ભૂમિકા રહી છે. ૨૭મી મેથી ભાજપ લાવો દેશ બચાવો આંદોલનની શરૂઆત થનાર છે. ભાજપે આના માટે જેલભરો આંદોલન માટેની તૈયારી કરી છે. દેશવ્યાપી જેલભરો આંદોલનમાં ભાજપ પ્રમુખ રાજનાથસિંહ પણ જોડાશે. પક્ષના પ્રમુખ ઉપરાંત અન્ય વરિષ્ઠનેતાઓ અને કાર્યકરો પણ ૨૭મી મેના દિવસે દિલ્હીમાં ધરપકડ વહોરશે. સિંહની સાથે અનંતકુમાર અને પ્રકાશ



જાવડેકર પણ જોડાશે. પક્ષના નાયબ અધ્યક્ષ મુખ્તાર અબ્બાસ નકવી કહી ચુક્યા છે કે ૨૭મી મેથી ત્રીજી મે સુધી આ આંદોલન ચાલશે. આ આંદોલનમાં ભાજપ યુપીએની નબળાઈઓનો પર્દાફાશ કરશે. આ જ દિવસે લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ મધ્યપ્રદેશમાં અને રાજ્યસભામાં વિપક્ષનાનેતા અરૂણ જેટલી ચંદીગઢમાં ધરપકડ વહોરશે. ગુજરાતના ભૂતપૂર્વ ગૃહરાજ્યપ્રધાન અને ઉત્તરપ્રદેશના પ્રભારી અમિતશાહ ૨૯મી મેના દિવસે રામપુરમાં નકવીની સાથે ધરપકડ વહોરશે. આ આંદોલન હેઠળ બિહારમાં રવિશંકર પ્રસાદ અને સીપી ઠાકુર, ઉત્તરપ્રદેશમાં ઉમાભારતી, તમિળનાડુમાં વરૂણ ગાંધી, છત્તીસગઢમાં જેપી નંદા, કર્ણાટકમાં નિર્મલા સિતારામન, કેરળમાં રાજીવપ્રતાપ રૂઢી, ગુજરાતમાં ધરમેન્દ્ર પ્રધાન, રાજસ્થાનમાં સહનવાઝ હુસૈન, મહારાષ્ટ્રમાં ગોપીનાથ મુંડે, પંજાબમાં પ્રભાજ ઝાં, આસામમાં બલવીરકુંજ, હિમાચલમાં એસ અહાલુવાલિયા, આંધ્રપ્રદેશમાં સ્મૃતિ ઇરાન પણ ધરપકડ વહોરશે. તમામ રાજ્યોમાં પક્ષના વરિષ્ઠ નેતાના નેતૃત્વમાં ધરપકડ વહોરવા માટેનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. અમિતશાહને ઉત્તરપ્રદેશની જવાબદારી સોંપવામાં આવ્યા બાદ તમામ લોકોની નજર ઉત્તરપ્રદેશ પર રહેશે કારણ કે અમિતશાહ મારફતે સૌથી મોટા રાજ્યમાં નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા વધારવાના પ્રયાસો પણ અંદરખાને હાથ ધરાયા હોવાનું જાણવા મળી રહ્યુ છે. ભાજપના જેલ ભરો આંદોલનને કેટલાક સંગઠનો ટેકો આપવાની જાહેરાત કરી ચુક્યા છે.

## નક્સલવાદીઓ સામે આક્રમક કાર્યવાહીની જરૂર છે : સુષ્મા

નવી દિલ્હી,તા. ૨૬

લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે છત્તીસગઢમાં નક્સલવાદીઓએ કરેલા હુમલાની જોરદાર આલોચના કરતા જણાવ્યુ હતુ કે નક્સલવાદીઓ સામે આક્રમક કાર્યવાહી હાથ ધરવાની જરૂર છે. તેમણે આ હુમલામાં માર્યા ગયેલા તથા ઈજાગ્રસ્તો પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યુ હતુ. નક્સલવાદીઓના વધતા હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતુ કે આ હુમલો દુઃખદ અને દુર્ભાગ્યપૂર્ણ છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢમાં થયેલા નક્સલવાદી હુમલાની કડક ટિકા કરતા જણાવ્યું હતુ કે નક્સલવાદ અને આતંકવાદ સામે આકરા પગલા લેવાની જરૂર છે અને નક્સલવાદને જડબાતોડ જવાબ આપવાનો સમય પાકી ગયો છે. મોદીએ ટ્વિટર પર પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે આ એક બિહામણો હુમલો છે જે લોકતંત્ર પર થયો છે. હવે સમય આવી ગયો છે કે આતંકવાદ અને નક્સલવાદ જેવી સમસ્યાઓને પહોંચી વળવા માટે આકરામાં આકરી ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે આ હુમલાનો ભોગ બનનારાના પરિવારજનો અને પોતાની જિંદગીને હોમી દેનારા પોલીસ કર્મીઓ પ્રત્યે મને સહાનુભૂતિ છે. ઈજાગ્રસ્તો સાથે મારી દુઆઓ છે. હવે એક રાષ્ટ્ર તરીકે એકઠા થવાની અને લોકતંત્ર માટે ખતરો બની ગયેલી સમસ્યાને જડબાતોડ જવાબ આપવાની જરૂર છે.

## વડાપ્રધાન જાપાનની ૩ દિવસની યાત્રા ઉપર

વડાપ્રધાન મનમોહનસિંહ આવતીકાલ સોમવારથી ત્રણ દિવસની જાપાનની યાત્રા પર જઈ રહ્યા છે. જાપાનમાં તેઓ બિનલશ્કરી પરમાણુ સહયોગ અને અન્ય દ્વિપક્ષીય હિતની બાબતો પર સંધી કરે તેવી શક્યતા છે. આ યાત્રા દરમિયાન મનમોહનસિંહ જાપાનના વડાપ્રધાન સિંજો અબે સાથે વિવિધ વિષયો પર મંત્રણા કરશે અને બંને દેશોના હિતમાં વિવિધ બાબતો પર પણ ચર્ચા વિચારણા કરશે. મનમોહનની સાથેના કાફલામાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શીવશંકર મેનન, કુલક ચેટર્જી, વડાપ્રધાનના સચિવ અને અન્ય ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે માર્ચ ૨૦૧૧માં ફુકુશીમા પરમાણુ બનાવ બાદ બંને દેશો વચ્ચે બિનલશ્કરી પરમાણુ સહયોગ વિશેની મંત્રણામાં વધુ કોઈ પ્રગતિ થઈ શકી નથી.

## આજીવન સજા ભોગવતા કેદીને છુટવાનો અધિકાર નથી

નવી દિલ્હી,તા. ૨૬

સુપ્રીમ કોર્ટે આજે સ્પષ્ટપણે જણાવ્યું હતુ કે આજીવનકેદની સજા ભોગવતા કેદીને જેલમાં ૧૪ વર્ષ પૂરા કર્યા બાદ છોડી મુકવા માટેનો દાવો કરવાનો કોઈ અધિકાર નથી.

ન્યાયમૂર્તિ પી સદાશિવમ અને ન્યાયમૂર્તિ જેએસ ખેહડની ખંડપીઠે જણાવ્યું હતુ કે ઉમ્રકેદનો મતલબ આજીવન કેદ છે અને માત્ર રાષ્ટ્રપતિ તથા રાજ્યપાલ જ સજા માફ કરીને કેદીને છોડી મુકવાનો આદેશ કરી શકે છે. કોર્ટે જણાવ્યું હતુ કે આવા કેસમાં કેદીની સજા માફ કરતી વખતે સરકારે ગુનાની ગંભીરતાને પણ ધ્યાનમાં લેવી જોઈએ. કોર્ટે વધુમાં જણાવ્યું હતુ કે ઉમ્રકેદ એટલે આજીવન કેદ જ છે પરંતુ બંધારણની કલમ ૭૨ તથા ૧૬૧ હેઠળ સજામાં માફી આપી શકાય છે.

કોર્ટે ૨૦૦૦માં ૨૨ વર્ષિય મહિલા પર બળાત્કાર કરીને તેની હત્યા કરવાના કેસમાં આજીવન કેદની સજા ભોગવતા આરોપીની અપીલ પર ઉપર મુજબનો ચુકાદો સંભળાવ્યો હતો. આ આરોપીને નીચલી કોર્ટે મૃત્યુદંડ કર્યો હતો પરંતુ ગુવાહાટી હાઈકોર્ટે તેની સજા આજીવન કેદમાં ફેરવી હતી. કેદીએ એવી રજુઆત કરી હતી કે તેણે જેલમાં ૧૪ વર્ષ પસાર કર્યા હોવાથી હવે તેને છોડી મુકવો જોઈએ. આરોપીના વકીલે એવી દલીલ કરી હતી કે સજા પામનાર કેદી માટે ૧૪ વર્ષની કેદની સજા પૂરતી છે અને તેથી ૧૪ વર્ષ પછી તેને છોડી મુકવો જોઈએ. જો કે કોર્ટે વકીલની દલીલને અમાન્ય ગણીને આરોપીની અપીલ ફગાવી દીધી હતી. કોર્ટે જણાવ્યું હતુ કે સજા માફ કરવા અંગે માત્ર સરકાર જ નિર્ણય લઈ શકે.

## મુશર્રફની હત્યા કરવાની ધમકી તાલીબાને આપી

વિવિધ પ્રકારના કાનૂની કેસોનો સામનો કરી રહેલા પાકિસ્તાનના ભૂતપૂર્વ લશ્કરી શાસક પરવેઝ મુશર્રફની હત્યા કરવાની નવી ધમકી પાકિસ્તાનના તાલિબાનીઓએ આજે આપી હતી. ગત માર્ચમાં મુશર્રફ પાકિસ્તાન આવ્યા હતા પરંતુ તેની પહેલા આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકાને સમર્થન આપવા માટે તહેરિક - કે-તાલિબાન પાકિસ્તાને તેમની હત્યા કરવાની ધમકી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત ૧૯ એપ્રિલથી પાકિસ્તાનના પૂર્વવડાપ્રધાન બેનઝિર ભુટ્ટોની હત્યા કરવાના ષડયંત્ર માટે મુશર્રફને તેમના ફાર્મ હાઉસમાં નજરકેદ હેઠળ રાખવામાં આવ્યા છે.

## ઓગસ્ટ સુધીમાં સ્પોટ ફિક્સીંગનો નવો કાયદો

નવી દિલ્હી,તા. ૨૬

આઈપીએલ સ્પોટ ફિક્સીંગ અંગે હાલમાં દેશમાં ઉગ્રતણાવ છે ત્યારે આગામી ઓગસ્ટ ૨૦૧૩ સુધીમાં નવો કઠોર કાયદો બનાવવામાં આવશે એવી જાહેરાત આજે કેન્દ્ર સરકારે કરી હતી જો કે આ અંગે કોઈ વટહુકમ બહાર પાડવામાં નહીં આવે તેવી સ્પષ્ટતા પણ સરકારે કરી હતી. મેચ ફિક્સીંગ અને સ્પોટ ફિક્સીંગના દૂષણને ડામવા માટે નવો કાયદો લાવવાની આતૂરતા દાખવનાર કાયદા મંત્રી કપિલ સિબ્બલે આજે જણાવ્યું હતુ કે સરકાર તમામ રાજકીય પક્ષો અને અન્ય પક્ષકારો સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ આ નવો કાયદો લાવશે અને સંસદમાં તે આસાનીથી પસાર થાય તેનું વિશેષ ધ્યાન રાખશે.

તેમણે સ્વીકાર્યુ હતુ કે આ પ્રકારનો કાયદો બનાવવામાં વિલંબ થયો છે. કારણ કે મેચ ફિક્સીંગના આરોપ સૌથી પહેલા ૧૯૯૦ના દાયકામાં બહાર આવ્યો હતો. જ્યારે ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે હતી. આ નવો કાયદો ક્રિકેટ ઉપરાંત તમામ પ્રકારની રમતગમતોને લાગુ પડશે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સંસદના મોનસુન સત્રમાં આ નવો કાયદો પસાર કરવાની અમે ઈચ્છા ધરાવીએ છીએ.

## સમાચાર ઝલક

- છત્તીસગઢમાં સૌથી મોટી નકસલી હુમલો - ૮નાં મોત - પીઢ કોંગ્રેસી નેતા વિદ્યાચરણ શુકલ ગંભીર - ૩૦ ઘાયલ
- નકસલી હુમલાથી દેશભરના રાજકીય પક્ષોની તીખી પ્રતિક્રિયા - છત્તીસગઢ બંધ
- પાવર ઓફ એટર્નીના નવા નિયમો - ભારણ વધશે.
- વારાણસીમાં ૧૦ બુકીઓની ધરપકડ.
- અન્ન ઉત્પાદન વિભાગ પેકીંગમાં પ્લાસ્ટીકની તરફેણ કરતાં શણ ઉધોગ નારાજ.
- વાતાવરણમાં પલટો સૌરાષ્ટ્રમાં વાદળોની સંતાકુકડી ચાલુ-બફારો અને ભેજમાં વધારો.
- મહારાષ્ટ્રમાં નકસલી જિલ્લામાં ભારે સતર્કતા.
- ચાંદખેડાના સાંસ્કૃતિક ફલેટમાં ૭ લાખની ચોરી.
- આજે સીબીએસઈનું પરિણામ જાહેર થશે.
- વિરમગામમાં ૬૬ વર્ષીય વૃદ્ધ સટ્ટા બુકીમાં ઝડપાયા.
- અમરેલીમાં ભોજલરામ જયંતિની શાનદાર ઉજવણી-મુખ્યમંત્રીશ્રીએ હાજરી આપી.
- આકોદરામાં પશુ હોસ્ટેલનું નિર્માણ થશે.
- સૌરાષ્ટ્રમાં ઓર્ગેનિક કેસર કેરીની ભારે માંગ.
- અમદાવાદ વિમાની મથકે પ્રવાસીઓનો હંગામો.
- ઉત્તર ગુજરાતમાં પ્રાતિજ, તારંગા તથા રખિયાલ રેલવે સ્ટેશનોએ ઉગ્ર આંદોલન
- શહેરા તાલુકામાં શોર્ટ સર્કીટથી ત્રણ મકાન ભસ્મી ભૂત.
- સઈજ સ્વામીનારાયણ મહારાજને બ્લેકમેઈલ કરતાં ૩ની ધરપકડ.

## રાંચીમાં મુશળધાર વરસાદ : મોસમ ખુશનુમા

રાંચી, તા. ૨૬

આજે બપોરે ૨.૦૦ વાગ્યા બાદ વાતાવરણમાં અચાનક પલટો આવતા લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી અને મોસમ ખુશનુમા બન્યુ હતું. વાવાઝોડા સાથે વરસાદ પડતા અસહ્ય ગરમીથી સેકાઈ રહેલા લોકોએ રાહત અનુભવી હતી. છેલ્લા કેટલાક દિવસથી રાંચીનું તાપમાન ૪૦ ડીગ્રીથી વધુ રહ્યું હતું અને લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા. ત્યારે આજે મોસમે કરવટ બદલતા લોકોએ રાહત અનુભવી હતી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ બંગાળની ખાડીમાં એક સિસ્ટમ બની છે. જેને કારણે વરસાદી વાતાવરણ બન્યું છે. આ વરસાદને કારણે તાપમાન ખાસો ઘટાડો થયો છે અને ઉત્તર-પશ્ચિમ તરફથી ફુંકાતા પવનને કારણે પણ લોકોને રાહત મળી છે. વરસાદને લીધે મોસમ ખુશનુમા રહેવાની શક્યતા છે.

## ડિપ્રેશન સામે લડવામાં રોજ એસ્પિરીનની દવા મદદરૂપ

લંડન, તા. ૨૬

તાજેતરમાં જ કરવામા આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યુ છે કે દરરોજ એસ્પિરીનની એક ગોળી લેવાથી મોટી વયમાં ડિપ્રેશનને દૂર કરવામાં અથવા તો તેની સામે લડવામાં મદદ મળી શકે છે. અભ્યાસ દરમિયાન ટ્રાયલમાં જાણવા મળ્યુ કે નિયમિત રીતે એસ્પિરીનનો ઉપયોગ કરવાથી ૪૦ ટકા સુધી અસરગ્રસ્ત લોકોમાં ડિપ્રેશનના ખતરાને ઘટાડી શકાય છે. આ દવા લોહીમાં રહેલા એસિડ હોમોસાઈસ્ટેનના સ્તરને ઘટાડવામાં મદદરૂપ બને છે. એસ્પિરીનની દવાને લઈને અગાઉ પણ અભ્યાસ કરવામાં આવી ચુક્યા છે. કેટલાક અભ્યાસમાં એમ પણ જાણવા મળ્યું છે કે એસ્પિરીન વધુ પ્રમાણમાં લેવાથી ખતરનાક બની શકે છે. કેટલાક વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વધારે પ્રમાણમાં હોમોસાઈસ્ટાઈન નબળા માનસિક આરોગ્યમાં પરિબળ બની શકે છે. પુખ્ત વયના લોકોમાં અથવા તો મોટી વયના લોકોમાં ડિપ્રેશનના છ કેસોના એક કેસને લોહીમાં સપાટીને ઘટાડવા એસ્પિરીનનો ઉપયોગ કરી ટાળી શકાય છે. મોટી વયના લોકોમાં ડિપ્રેશનનો ખતરો વધારે રહે છે. કારણ કે આરોગ્યની નબળી સ્થિતિ જવાબદાર બને છે. હોમોસાઈસ્ટાઈનની સપાટીને ઘટાડીને ડિપ્રેશનને ઘટાડી શકાય છે કે કેમ તેને લઈને પરીક્ષણો કરવામાં આવ્યા હતા. પર્થમાં પશ્ચિમી ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીમાં વૈજ્ઞાનિકોએ અભ્યાસના ભાગરૂપે ૩૭૦૦ જેટલા લોકોને આવરી લીધા હતા. આ તમામ લોકોની વય ૬૯ વર્ષથી લઈને ૮૭ વર્ષની હતી. તેમના મેડિકલ રેકોર્ડ ઉપર પણ નજર રાખવામાં આવી હતી. અભ્યાસના તારણો દર્શાવે છે કે વધારે પડતા હોમોસાઈસ્ટાઈનની સપાટી ધરાવતા પુરુષોમાં ડિપ્રેશનની શક્યતા ૬૦ ટકા વધારે હોય છે.

## કેરલમાં ચોમાસાના વિધિવત આગમનમાં વિલંબની શક્યતા

નવીદિલ્હી,તા.૨૬

સમગ્ર ઉત્તરભારત અસહ્ય ગરમીના મોજામાં સપડાયું છે. મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦ ડીગ્રીને વટાવી ગયું છે. લોકો ચોમાસાની પ્રતિક્ષા કરી રહ્યા છે. ત્યારે કેરાલામાં ચોમાસાનું વિધિવત આગમન એના નિર્ધારિત સમય કરતા એક અઠવાડિયા બાદ થશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. આથી લોકોએ ચોમાસાના આગમનનો વધુ ઈન્તજાર કરવો પડશે.

ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગના આગાહી વિભાગના પ્રમુખ ડી. શિવાનંદ પઈએ જણાવ્યું હતું કે, મોન્સુન એક ટિવિટીમાં હજુ કોઈ જ પ્રગતિ દેખાતી નથી કે એના કોઈ અણસાર પણ મળ્યા નથી. હવામાન વૈજ્ઞાનિકોના કહેવા મુજબ આગામી ત્રણ દિવસમાં બંગાળની ખાડીના કેટલાક ભાગમાં હવામાન અનુકૂળ બનતા વરસાદી વાદળો આગળ ધપવાની પૂરી શક્યતા છે. જો કે હવામાનશાસ્ત્રીઓ આ એક્ટિવિટીથી કેરાલામાં ચોમાસાનું વહેલુ આગમન થશે એવી શક્યતાને નકારી રહ્યા છે.

રાષ્ટ્રીય મધ્યમ રેન્જ મૌસમ પૂર્વાનુમાન કેન્દ્રના નિર્દેશક સ્વાતિ બસુએ જણાવ્યું હતું કે કેરલામાં તા. ૩જી જૂનથી ચોમાસાનું વિધિવત આગમન થઈ જશે ભારતની કૃષિ આધારીત અર્થવ્યવસ્થા માટે ચોમાસાનું સમયસરનું આગમન મહત્વનું છે. આંદમાન સાગરમાં નિર્ધારિત સમય પહેલા ત્રણ દિવસ અગાઉ તા. ૧૭મી મે ના રોજ પ્રથમ વરસાદ પડયો હતો. ચોમાસુ તા. ૧૭મી થી તા. ૨૦મી મે દરમિયાન આગળ વધી રહ્યું હતું પણ ત્યારબાદ સ્થિર બન્યું છે. બાંગ્લાદેશના સમુદ્રી વિસ્તાર અને મ્યાંનમારના કેટલાક વિસ્તારમાં આવેલા મહાસેન ચક્રવાતને લીધે ચોમાસાની આગળ વધવાની ગતિ મૂળ જ ધીમી પડી ગઈ છે. એટલે કેરળમાં ચોમાસાના આગમનમાં પણ વિલંબ થવાની પૂરેપૂરી શક્યતા છે. ચક્રવાતે ચોમાસાની ગતિને કમજારે બનાવી દીધી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ઉત્તર ભારતના તાપમાનમાં ગત અઠવાડિયાથી વધારો થઈ રહ્યો છે. રાજસ્થાન, હરિયાણા અને પંજાબમાં શનિવારે તાપમાન ૪૫ ડિગ્રીને વટાવી ગયું હતું. જો કે મૌસમ વિભાગે એવો દાવો કર્યો હતો કે ચોમાસાનું ભલે મોડું આગમન થાય પણ બધી જગ્યાએ વરસાદ સાર્વત્રિક પડશે જ.